३५२०

सत्यमेव ज्यते.

બનાર રણછોડલાલ મણીલાલ દેલાડવાકર.
[...]પાની પ્રગટ કરનાર ખંડુભાઈ કસનજી પ્રેસિડંટ.

સદા રાજમાન રાજેશ્રી મુરબી અના-
વલા કોમના દેલાડવા વીગેરે છ
ગામના શુભેચ્છક મેંબર વીગેરે
સમસ્ત સાહેબો.

હુ નીચે સહી કરનાર અલ્પ બુદ્ધિનો અલ્પ ઉમરનો [...] અલ્પ અનુભવી સખસ છ ગામના અનાવલા કોમને [...] પૂર્વક કેટલીએક બાબતો આપ સમસ્ત સાહેબોને નીવેદન કરૂં છું. હુ જે નાચે નીવેદન કરૂં છું તે બાબતો આપ સદગૃહસ્થોના જાણ્યામાં તો છેજ પણ મારી બાબતો આપ આપની પવીત્ર સેવામાં માન્ય કરશો એવી સેવક આશા રાખે છે.

૧ અનાવલાની મૂળ ઉત્પતી હાલના ગાયકવાડી તાબાના અનાવલા પરગણાના અનાવલ ગામમાંથી થઈ તે એવી રીતથી કે અયોદ્ધામાં રામચંદ્ર કરીને દશરથ રાજાનો છોકરો હતો. સદરહું દશરથ રાજાને ચાર છોકરા હતા તેમાં સૌથી વડીલ આજ્ઞાકીત પુત્ર રામચંદ્રજી હતા. સદરહું રામચંદ્રજી પીતા પોતાની સાવકી માને વચને બધાયલા તે ઉપરથી પોતે વનવાસ

તેમજ પોતાનો આજ્ઞાકીત ભાઇ લખમણ તેમજ પોતાની
સ્ત્રી સીતા સાથે વનવાસ ગયેલાં. સદરહુ વનવાસની અંદ
લંકાનો રાજા રાવણ સતી સીતાને હરણ કરી ગયો. સતી
તાને પાછી લાવવા સારૂં રામચંદ્રે હનુમાન, સુગ્રીવ, વીગેરે
ટલાએક રાજાને મદદે લઇ લંકા ઉપર સ્વારી કરી રાવણને
રી લંકાનું રાજ રાવણના ભાઇ વીભીષણને આપી પોતે
ધ્ધા તરફ જતા હતા સ્તામાં આવતાં રામચંદ્રના મનમાં શ
ઊમન થઇ કે મેં વણ સાથે યુદ્ધ કર્યું તેમાં ઘણાંએક માણસે
નો તથા બ્રહ્મરાક્ષસોનો સંહાર થયો માટે જગ્ન કરી થએલા
નીવેડો લાવવો તે ઉપરથી રામચંદ્રે અનાવલ પાસે જગ
જગ્નની અંદર બ્રાહ્મણ જોઇએ માટે ગંગાકાંઠે અરાડ હજા
ો તપ કરતા હતા તેની પાસે રામચંદ્રજી ગયા, ત્યારે રૂશ
ઓ કેટલીએક બાબતોની બાંહેધરી કરી કે હમો તો બ
ધા એકે વાહને બેશીએ તેમજ એક કુંળની કન્યા પરણીએ
અને કોઇને જાચીએ નહીં વીગેરે

૨ સદરહુ બાંહેધરી મુજબ એક વાહનપર બેસાડી
તેમજ વાશુ નાગને ત્યાં બાર હજાર કન્યા હતી તે પરણાવી
ને છ હજાર કુંવારા રાખ્યા અને જાચવાની બાબતમાં એક વ
ખત ફક્ત રામચંદ્રને જાચેલા કે પરણે છે ત્યારે સ્વસ્તી કહેવું
પડે છે, બાકી અનાવલા બ્રાહ્મણ અજાચક છે.

૩ અનાવલાની ઊતપતી ઉપર મુજબની મારી માહેતી
મુજબ આપ સમસ્ત સાહેબોને નીવેદન કરૂં છું. ભુલ ચુક હોય તે
માફ કરસો!જી

૪ અનાવલા કોમ ઊત્પન થઇ ત્યારે કોઇ મોટું નાનું હતું નહીં કે કોઇ હાલના સંપ્રદાય પ્રમાણે દેશાઇ કે અનાવલા હતા નહીં, ત્યારે સઘળા સમાન હતા પણ દીવસે દીવસે રીતભાતમાં ફેર પડતો ગયો તેમ સંપ્રદાય જુદા થતા ગયા કે આ દેશાઈને આ તો અનાવલે. સદરહું અનાવલાઓ દેશાઈને કન્યા આપતા પણ દેશાઇઓ અનાવલાને કન્યા આપતા નથી સદરહુ દેશાઇઓ કન્યા આપે નહીં તેથી ઘણા અનાવલાઓ કુંવારા રહેવા લાગ્યા અને આખરે નીરવંશી થવા લાગ્યા ત્યારે એક ઓરપાડ પરગણાના છાપરાભાઠા ગામમાંથી સાહસીક વીરપુરૂષ પ્રાણુંભાઇ નાનાભાઇએ પોતાને ઘેરથી સાટાનો સંપ્રદાય શરૂ કીધો તે હાલમાં પણ ચાલે છે.

૫ સદરહું સાટાં ત્થા કન્યાવીક્રે થવા લાગ્યાં ત્યારથી દેશાઇ પંકતીમાં ખોટ પડવા લાગી. સદરહું કન્યાની ખોટ ત્થા આપણા વડીલો પાર્જીતિની ન્યાતી સંબંધીની કેટલીએક રૂઢીઓ, દેશાઇ કોમને મહા મુશીબત થઇ પડી. સદરહું આપણા વડીલોએ જે રૂઢીઓ બાંધેલી તે તેઓની ભુલ છે એમ હું કહી શકતો નથી. તેઓએ તો વાજબી બાંધેલી કંઇ પણ ખામી કાઢવા જેવી એકું બાબત નથી કેમકે પેસ્તરના વડીલો તો સરખાનેજ કન્યા આપતા પણ હાલના તો પોતાની સ્થીતી ઉપર વીચાર ન કરતાં પોતાની મીલકત ત્થા જાત સુધાં વેચીને કન્યાની પાછળ પૈસા ખરચે છે. પેસ્તર કરતાં વાંકડામાં તેમજ બીજી રૂઢીઓ ઘણીજ વધી ગઇ છે.

૬ હાલમાં અનાવલા કોમમાં તો કેટલાએક તો એમ

જ સમજે છે કે ઘર વેચો, વતન વેચો,પણ દીકરી દેશાણ કરો. પોતાના છોકરાઓ કુંવારા રહે તેની ખામી નહીં પણ દીકરી ના છોકરા કુંવારા રહે તેની ખામી વધારે. એમ જે સખશો સ મજે છે તેની મારા સમજવા પ્રમાણે ભુલ છે. કેમકે પેસ્તરના જ્ઞાની પુરૂષો એવું કહી ગએલા છે કે પૈસા ખરચવા હદથી જા દે તે ફકત બેજ બાબતમાં. એક તો છોકરા પાછળ. બીજું જ મીન પાછળ. સદરહું બે બાબત એક કોરે મુકી હાલમાં અના વલા ઘણું કરીને છોકરી પાછળ અને ઘર પાછળ ખરચે છે. પૈસા છોકરી પાછળ ખરચવા નહીં એમ હું કહેતો નથી પણ હદ ઉપરાંત ખરચવા નહીં

૭ સદરહું આપણી સ્વજ્ઞાતી સંઘેળી જ્ઞાતી કરતા ! પંકતીમાં છે પણ આપણી કોમમાં શેઠ ન હોવાથી ગેર ગુંચ ચાલે છે. આપણી કોમની અંદર શેઠ તો છે પણ ; એકે પોતાની ફરજ બજાવતા નથી. તેથી શેઠ નથી એમ કહીએ તો ચાલી શકે.

૮ આપણી સ્વજ્ઞાતીના સખસો બીજી જ્ઞાતી કરતાં ઊતરતા નથી. પણ જ્ઞાતીને ઊત્તેજન આપતા નથી અને કુ સંપ છે તેથી સુધારાના કામમાં પાછળ છે પણ હાલમાં દીન પ્રતીદીન આપણી કોમ દેશપરદેશ જવા શીખી છે ત્યા સુધા રા પાછળ મંડયા છે. આપણી કોમમાં સારાં કુળ જોઇ પર ણાવવાનો ચાલ છે. અસલ જ્યારે એ રીવાજ નીકળ્યો હશે ત્યારે સારો હશે, કેમકે સારે ઘેર ને કુળવાન વરને દીકરી દે વી એ વાસ્તવીક છે. પણ એ રીવાજની ખરી મતલબ હલા

લોક સમજતા નથી, કે જે કુળ પેસ્તર સારાં હતાં તે હાલ ગમે તેવાં દરિદ્ર અવસ્થામાં હોય તોપણ લોક તેને કન્યા આપે છે, ને જે અગાઊ માઠી હાલતમાં હતા તે હાલ વીધા-ઊઘાગે સારી સ્થીતીમાં આવ્યાં હોય તોપણ કન્યા દેતા નથી.

૯ આપણી અનાવલા સ્વજ્ઞાતીમાં સારાં કુળ જોઈ કન્યા આપે છે તેથી ઘણાં માઠાં પરીણામ થાય છે તે હું મારી અલ્પ બુદ્ધી પ્રમાણે નીચે મુજબ દર્શાવું છે.

૧ સારાં ને ઊંચા કુળમાં છોકરાનો જન્મ થયો કે તુરત લોકો તે વર ગણત્રીમાં લે છે. ને છોકરો પાંચ—સાત વરશનો થયો કે દશ બાર વરસની છોકરી સાથે પરણાવે છે. પરણવું તે શું તે સમજ્યા વગર છોકરો પરણે છે. આપણા દેશ ઇશ્વરી નીયમ એવો જણાય છે કે પંદર શોળ વરશે સ્ત્રી જાત જુવાનીમાં આવે છે ને પુરૂષ તો એટલી ઊમરે બાલ્યાવસ્થામાં રહે છે. એ વખત કમાવાની નથી, પણ ભણવાની એ છોકરાનો સ્વાર્થ છેક બગડે છે કેમકે એટલી વારમાં તો તે બૈરાં છોકરાં બાઇડી છોકરાંની ખટપટમાં પડે છે તેથી પુરૂં ભણાતું નથી. કાંઇ નોકરી ધંધો સોધવાની જરૂર પડે ત્યારે સારૂ ભણેલો નહીં તેથી હલકી નોકરી કબુલ કરવી પડે છે અથવા થોડા નફાનો રોજગાર કરવો પડે છે અને દેશપરદેશ જવાતું નથી.

૨ સારાં ને ઊંચા કુળમાં કન્યા આપવી ને આખી જીંદગી સુધી રળી રળીને છોકરીનું પુરૂં કરવું ને કદાચ કંઇ બાબતમાં પૈસા આપવાના ન બની આવ્યા તો કંઈ પણ બાનું કાઢી ફરીથી લગન કરે ને છોકરીનો અવતાર ફુટી પડે.

૩ કદાચ પૈસાથી તથા બીજી રીતભાતમાં બરાબર ર હેવાયું તોપણ કુળવાન સખશો છોકરીવાળાને ઈજત આપશે નહીં ને કહેશે કે ભાઠેલો છે ને વેવાર કરે. માટે સગપણનો સંબંધ બાંધવો તે બરાબર સોધી કાઢવો બહુ ઊત્તમ કુળમાં કન્યા પણ આપવી નહીં તેમજ લેવી પણ નહીં

૧૦ આપણી સ્વજ્ઞાતીમાં ઘણીજ ખરચખુંટા વીગેરેની અનીતી થઈ જવાથી ઘણાંક વરસો ઉપર કાલીઆવાડીના સદગૃહસ્થોએ એક મીટીંગ મેળવેલી ને તેમાં બંદોબસ્ત બાંધે લો કે સવાછશો ઉપરાત વાંકડો આપવો નહીં. પણ તે વખત ના આગેવાનો સાહસીક ન હોવાથી તે [illegible] ચાલ્યો નહીં [illegible]લટો સુધારાને બદલે કુધારો ચાલ્યો તે હાલમાં પણ ચા[illegible] છે.

૧૧ સાહસીક કરતવ્ય કર્યા સિવાય ફળની પામી થતી નથી. [illegible] સાસ્ત્રમાં પણ એક વાકય કહ્યું છે કે:—

नसाहसमना रुह्यनेरो भद्राणि पशयाति ॥ અર્થાત–સાહસકામ કર્યા સિવાય કદી પણ માણસ સારાં સુખની આશા રાખી શકતો ના[illegible]. જુઓ હાલ બ્રીટીશ શરકાર હાલમાં આપણી જેવી સ્થીતિ છે. તેના કરતાં પણ ઘણીજ નીચ દશા માં હતી પણ તે સાહસ કૃત્યથીજ આવી સર્વોત્મ સ્થીતીને પ્રા પ્ત થએલા છે. તો હું નથી ધારતો કે આપણે પણ એવી સ્થી તિમાં નહિં આવીએ? આપણે પણ આવીએજ.

૧૨ આજથી બે ત્રાણ વરસ થયાં આપણી કોમની અં દર સુધારાની ચરચા ચાલી રહેલી છે અને કાલીઆવાડી મુ

કામે સમસ્ત કામને ભેગી કરેલી પણ તેમાં તો કુળાભીમાન થવાથી રા૦ રાજેશ્રી ભીમભાઈ ગોવિંદજી વરીઆવકર તથા દયાળજી મોહનભાઇ પલશાણાકર તથા તથા પ્રાણુંભાઈ નાના ભાઇ દેલાડવાકર તથા મકનજી ગોવંદજી પલશાણાકર વીગેરે સદગૃહસ્થોએ કાલીઆવાડીથી વિચાર કરી આપણા હાલના સુધારે બંધાયલા ૭ ગામ તથા વરીઆવ, અખ્રામા વીગેરે ગામના સદગૃહસ્થો એકઠા થએલા સુરત મુકામે.

૧૩ સદરહું ઉપર લખેલા સદગૃહસ્થો સુરત કડવા બાવાની વાડીમાં એકઠા થયા ત્યાં વરીઆવ, અખ્રામાં શિવાયના સદગૃહસ્થોને [illegible] તેથી આપણા ૭ ગામના સદગૃહસ્થોનાં મનમાં અશર થઇ કે આપણે ૭ ગામમાં સુધારો કરવો [illegible] રા૦ રાજેશ્રી ભીમભાઇ ગોવિંદજી સાહેબે તો એમજ પણ પાકી ને બેઠા કે ધારો બાંધ્યા સિવાય વરીઆવ જવું નહીં. તે મુજબ ભીમભાઇ સાહેબે પોતાનું ધારેલું સાહસીક કર્મ [illegible] પાડયું ને પોતાનું નામ અવીચળ કર્યું છે.

૧૪ ભીમભાઇ સાહેબે તો પોતાને ધારો તન મનને ધનથી ચલાવવા માંડયો. ત્યારબાદ [illegible] સુધારે બંધાયલા ૭ ગામવાળાઓ પાછા સુરત મુકામે જગુ દલાલના ઘરમાં એકઠા થયાં એવો ધારો બંધાયો કે હજાર ઉપરાંત જેને વાંકડો મળે તે આ ૭ ગામ સિવાય કન્યા આપે.

૧૫ સદરહું હજાર ઉપરાંતવાળો ધારો સિવાયના ગામમાં કન્યા આપે તે ધારા ઉપર ૭ ગામ પૈકી ઘણીક સહીઓ થઇ. સદરહું બાબતપર કેટલાએક સદગૃહસ્થોને એવી અસર

થઇ કુ એ છુટ હોવાથી પેસ્તર જે કાલીઆવાડીમાં ધારો બંધા ચલો તે મુજબ દેખાદેખી ઘણાક સખશો બહાર જવાના ને ઊલટો સુધારાને બદલે કુધારો થવાનો કેમકે એક ભાઈએ હજાર ખરચ્યા તો તેનો ભાઇ ઘર વેચે-વતન વેચે પોતાની જાત વેચે પણ ખરચ્યા વગર રહે નહીં. કેટલાએક કુળવાન સદગૃહસ્થોને એવી અશર થઇ કે આપણે તો અત્યારસુધી હજાર ખરચતા આવ્યા છીએ ને આપણે દાખલ થયા તો આપણે તો ખરચ્યા વગર ચાલે નહીં કેમકે ગામની અંદર કોઈ પણ સખશ પાસે પૈસા હોય ને તેણે બાપ અવતારે હજાર રૂપીઆ [illegible]યા નહીં હોય ને ધારામાં છુટ છે તો [illegible] કે મારે તો ખ[illegible]ા એમ સમજી કેટલાક કુળવાન સખશોને નડ આવી પુગી કુ એ ધારામાં લાભ નથી. એ તો ઊલટો ગેરલાભ છે. છ ગાર[illegible]ના સમસ્ત સાહેબો મને એ બાબંતમાં સવાલ કરશો કે તમે [illegible] એ હજાર વાળી કલમમાં સહી કરેલી છે તો એ બાબતમાં મારો એટલોજ ઊત્તર છે કુ મારે માથે વડીલો છે તેઓએ સહી કરેલી પણ મા[illegible] અંત[illegible]રણનો વીચાર ઉપલા અભિપ્રાયને મળતો હતો. એ[illegible] હું સુધ દીલથી કહું છું.

૧૬ સદરહું ઉપલી કલમ રદ કરી કલમ કાઢનાર સદગૃહસ્થોને એક બાજુપર મુકી રા૦ રા૦ રાજેશ્રી ખંડુભાઇ કરશનજી તલંગપોરવાશી, તથા રાજેશ્રી લાલભાઇ ગોવંદજી વાવકર, તથા રાજેશ્રી મોટાભાઈ ભાણાભાઇ કોશમાડકર તથા રાજેશ્રી હરીભાઇ અખુભાઈ દેલાડવાકર તથા રાજેશ્રી મોરારજી દુલભભાઇ મરોલીકર એ સિવાય બીજા સાહેબોએ તન ને મન

એઓ એકઠા કરી ધારો બાંધ્યા છે તેથી ઉપર લખેલા સાહેબો એ સાહસીક કર્તવ્ય કર્મ પોતે જે આદરેલું તે પાર પાડશો એવી સેવક તથા બીજા સદગૃહસ્થો ઇશ્વર પાસે માગણી કરે છે.

૧૭ છ ગામમાં દાખલ થવાથી મારી અલ્પ બુદ્ધી પ્રમાણે લાભ છે તે હું નચે દર્શાવું છું.

૧ ધારામાં દાખલ થએલાં જે છ ગામ છે એ ગામમાં હાલ વીશ વરસ થયાં છોકરાની બાબતમાં નડ પુગે છે તોપણ આપણે સમજતા નથી ને છ ગામમાં કન્યા એક બીજાને આપતા નથી ને છ શિવાયના ગામમાં આપણી તમામ કન્યાઓ જાય છે. આપણી કન્યા જ્યાં જાય છે તે સદગૃહસ્થો મોટા દેખા થયા તો હવે આપણે એક બીજાને કન્યા આપવાનો એ... આપણે પણ તે સ્થીતિને પાત્ર થઇશું. એમાં કંઇ પણ સંદેહ ભરેલું નથી. એનો પ્રત્યક્ષ દાખલો ઓણ સાલની અંદર આપણા છ ગામની તેમજ વરીઆવ પાટીની કન્યા ન જવાથી તેઓને નડ પુગી. હવે આપણા છ ગામની અંદર કન્યા એક બીજાને આપવાને નડ નથી કેમકે પેસ્તર મુનતપાસો કે કોઇ પણ કુળની કન્યા છ ગામમાં ગએલી નથી. હું તો કહું છું કે છ ગામ સમાન છે, એક બીજાને આપવાને હરકત નથી ને વળી બધા સમાન છે એટલે એ જે સંબંધ બંધાય તે ઘણોજ સરસ કે કોઇથી વધતું ઓછું બોલાય નહીં ને વળી ઇશ્વરી કુદરતીથી હાલમાં છ ગામની હાલતમાં દીનપ્રતીદીન સુધારો થવા આવ્યો છે તેથી હું મારી અલ્પ બુદ્ધીથી પોકાર કરૂં છું કે વરી

આવ પાટીના બંદોબસ્ત કરતાં આ બંદોબસ્ત બહુજ સરળ રીતે ચાલશે કે કોઇને કોઇ પણ બાબતની નડ નથી. સમજો તો અને તે પાટીની અંદર નડ છે પણ તે પાટીના આગેવાનો ઘણાજ સાહસીક હોવાથી તે પણ ધારો ચાલશે તેને પણ હમો માન આપીએ છીએ.

૨ આપણા બંદોબસ્તની અંદર મુખ્ય લાભ એ છે કે, આપણો અર્વાચીન કાળથી આજ દીન સુધી જે ધર્મ ચાલ્યો આવ્યો છે તેને આ બંદોબસ્ત થવાથી ટેકો મળશે. કેમકે આપણો ધર્મ એ હતો કે કન્યાવીક્રે તથા સાટું ન કરવું જોઇએ, તે આ બંદોબસ્ત થવાથી થવાનું નથી જો આ બંદોબસ્ત થયો હોત તો સાટું તો થતેજ કેમકે ઘણાક લોક કરવાને તત્પર થએલા હતા પણ કોઈની અગાડી પડવાની હીમત ન થવાથી બંધ રહ્યું. સદરહું કદાચ સાટું ન કરતે પણ કન્યાને મોટી ઊમર [illegible]વા દેવા તત્પર રહે તે સદરહું કન્યા મોટી હોવાથી તેને લાયક વર ન મળતે તેથી છોકરીની આખી જીંદગી દુઃખમાં જતે તથા પૈસાની બાબતમાં નુંકશાન વેઠવું પડતે, ને વળી નુકશાન વેઠવું પડે તે[illegible]રતાં બીજું મોટું દુઃખ એ હતું કે આપણી કોમના પરણ્યા પછીની રૂઢીઓ બહુજ માર મારે છે. એમ ધારો કે કોઇ શખસ આ ૭ ગામની અંદર પૈસાદાર તથા સાધારણ આબરૂદાર છે. સદરહું સખસ છોકરી પાછળ તથા પાછલી રૂઢીના પૈસા ખરચવા શક્તિમાન છે તોપણ તે સખસને પોતાના છોકરાની બાબતમાં તો નડ પુગી આવી છે ને પુગતેજ, કદાચ નડ ન પુગતે પણ જેવું આ બંદોબસ્તમાં દાખ

લ રહી જેવો આગ્રહ સદરહુ પૈસાદાર તથા આબરૂદારને મળ વાનો છે તેવો તો નજ. મળતે એ વાત તો સીધ છેજ—એમાં કંઈ પણ સંશય ભરેલું નથીજ.

૩ સદરહુ કન્યાની બાબત કરતાં આપણી ન્યાતમાં મર ણ સમયની રૂઢીઓ પણ ખામી ભરેલી હતી તે આ બંદોબ સ્ત થવાથી તે બાબતમાં પણ લાભ છે. સદરહુ બાબત કરતાં બીજી ઘણી બાબતમાં લાભ છે તે હું જો કદાચ દર્શાવું તો તે નો છેડો આવ એમ નથી તેથી મારી અલ્પ બુદ્ધી પ્રમાણે મોટી મોટી બાબતો દર્શાવી છે અને સદરહુ મારી કલમ બંધ કરવા આપ સાહેબો પાસે રજા લઊં છું.

૪ આ બંદોબસ્તમાં દાખલ થએલા સિવાયના કેટલા ક સદગૃહસ્થો તથા કુળવાન સખસોને હું નમ્રતાપૂર્વક મારી અલ્પ બુદ્ધી પ્રમાણે અરજ ગુજારૂ છું કે સાહેબો મહેરબા ની કરી આ બંદોબસ્તમાં દાખલ થાઓ ને ધારાને ઊત્તેજન આપો કેમકે આપણે બધા છ ગામવાળાઓ ભરદરીઆની અંદર તણાતા હતા પણ આપણને સુધારા રૂપી નાવ હાથ લાગી છે તેમાં સાહેબો બેશો, નહીં તો તણાયા જશો [illegible] અર્થ એકું સુધાર વાનો નથી. સાહેબો તમોને આ બંદોબસ્તમા સુબેદારી મળશે. તો તમો સુબેદારી છોડી દઇ સાત રૂપીઆના હવાલદારની જ ગા મહા આજીજી સાથે શામાટે માગી લો છો? સાહેબો સુબેદા રી કરો. સદરહુ સાહેબો તમને મારી ઘણીએક વીનતી છે પ ણ બધી વીનતી દરશાવી શકતાં લંબાણ થઈ જવાથી ટુંકામાં પતાવું છું તે. આપ સાહેબો સ્વીકારશો એજ વીનતી.

૫ સાહેબો આપને આ બંદોબસ્તમાં દાખલ થવાથી શું નડ છે તેનો ઊત્તર મહેરબાની કરી. સાહેબો લખી જણાવ શો તો સેવક તમારો મોટો પાડ માનશે.

૬ ૭ ગામમાં સુધારામાં દાખલ થએલા પેકી કોઇ સાહેબો એમ સવાલ કરશે કે આપ બધું બોલો છો એ વાત તો ઠીક છે પણ આપ આજદીન સુધી સામાટે દાખલ ન થએલા તેનો ઊત્તર એટલોજ છે કે મને કોઇ પણ સખશે ધારાની બુક બતાવેલી નહીં, કદાચ બુક ન બતાવી એની તો ફીકર નહીં પણ મારે માથે વડીલો છે તે દાખલ ન થવાથી સુધારો બંધાયો ત્યારે મેં મારા વડીલોને દાખલ થવાને ઘણીક ભલામણ કરેલી પણ તેઓએ કહ્યું કે ઊતાવળ શું કરવા કરે છે આપણે બધા સાથે દાખલ થઈ શુ.

૭ સદરહું મારી તમામ બાબતોમાં વાક્ય રચનાની તથા બીજી ખામી હોય તે આપ સાહેબો સુધારી નીવેદન કરશો. એજ તા૦ ૧૨-૭-૮૮.

લી૦ **સેવક રણછોડલાલ મણીલાલ**

ડેલાડવાકર.

દલાડવા વીગેરે ૭ ગામમાં અનાવલા કોમની અંદર સુધારે હાલમાં જન્મ લીધો છે. તે ચલાવવામાં હાલ નીચે પ્રમાણેની ગોઠવણ કરલી છે તેને ફેરફાર કરવાને ધારાની અંદર છુટ છે.

સ૦ રા૦ રાજેશ્રી ખડુભાઈ કશનજી પ્રેશીડેન્ટ તલંગપોરવાશી.

ન્યાત કમીટીના મેંબરો.

રા૦ રા૦ ડાયાભાઈ નાગરજી તથા દુલભભાઇ જીવણજી તલંગપોરકર.

રા૦ રા૦ મોરારજી દુલભભાઈ તથા નાગરજી મકનજી મરોલીકર.

રા૦ રા૦ હરીભાઇ અખુભાઇ તથા દયાલજી કંથડજી દેલાડવાકર.

રા૦ રા૦ રંગુછોડજી જગદીશ તથા મોટાભાઈ ભાણાભાઇ ફુરશાડકર.

રા૦ રા૦ [illegible]ભાઇ ગોવંદજી તથા ગોપાળભાઇ બા[illegible]ર ભાઈ વાવકર.

રા૦ રા૦ ભીમભાઇ હરીભાઇ પલશાણાકર.

ગામ કમેટીના મેંબરો

રા૦ નથુભાઇ શંકરજી જોગી કીકા તથા પરાગજી ભુલા તથા ભુલા સવરામ તથા કશાનજી મોહનભાઇ તલંગપોર.

રા૦ જીવણજી કલ્યાણજી તથા [illegible]નાથજી વશનજી તથા ગુલાબભાઇ મોહનભાઈ તથા રૂદરજી નરસઇ તથા પરાગજી વશનજી મરોલીકર.

રા૦ પ્રાગભાઇ લલુભાઇ તથા રણછોડલાલ માણીલાલ તથા પ્રાણુંભાઇ પરાગજી તથા હરીભાઇ લલુભાઇ તથા રણછોડ જગદીશ તથા ભગવાન પરાગજી ડાયાભાઇ રઘનાથજી દેલાડવાકર.

૨૦ કલ્યાણજી જોગીભાઈ સુરતવાશી ડાયાભાઈ નારણજી તથા વશનજી મોરારજી તથા વશનજી રૂદરજી તથા નાગરજી રૂઘનાથજી તથા રૂદરજી વાવકર ખુશાલદાજી તથા ભુલા મોરારજી તથા નીછા ભીમભાઈ તથા રણછોડ જગદીશ તથા સવરામ દાજી તથા મકનજી મોહનભાઈ તથા વશનજી દયાળજી કોસમારકર નીછાભાઈ મોરારજી તથા ખુસાલભાઈ ઈંદરજી ભીખા રઘા લલુ લાલા પળશાણાકર આ સાહેબો ઉપરાંત દેખરેખ રાખવા તેમજ વખતેવખત ગોઠવણ કરવા સારૂ. સુપરવાઈઝર ઇયાને સેક્રેટરી શેઠ ભગવાનજી રઘનાથજી દેસાઈવા તથા મી૦ ઝીણાભાઈ દુલભભાઈ મરોલીકરની નીમનોક કરવામાં આવેલી છે. સદરહુ ઉપર મુજબની ગોઠવણ છે એમ હું મારી મેળવેલી માહેતી ઉપરથી કહું છું.

ઉપર લખેલા સદગૃહસ્થો તેમજ બાકીના દાખલ થયેલા સદગૃહસ્થોને હું નમ્રતા પુર્વક ભલામણ કરૂં છું કે સાહેબો આપને ત્યાં હાલમાં ત્રણ ચાર માશ થયાં સુધારોરૂપી પુત્રનો જન્મ પ્રગટ થએલો છે. સાહેબો જેવી રીતે આપ તેમજ બીજા તમામ સાહેબો પોતાના સંસારમાં પાપ્ત થએલા છોકરાને કેલવણી તેમજ સારે માર્ગે ચલાવવા દરેક માણસને તન-મન-ધનની ખાશ જરૂર છે તેવીજ રીતે આ સુધારોરૂપી પુત્રને ચલાવવાની ખાશ જરૂર છે. સાહેબો તમોને સુધારો પ્રગટ કરતાં જે માન મળેલું છે તેના કરતાં બેવડી ગેરીઓટ સુધારામાં ખામી પડેથી થશે. સાહેબો તમો પોતપોતાની જોઇતી ફરજ બજાવશો તો તમારૂં એક યાદગાસ્ત તરીકે નામ રહેશે. સાહેબો હવે બીજી ભલામણ ખાશ એ છે જે દરેક ગામે મહીને મહીને કેટલાક

સદગૃસ્થોએ ખાશ મીટીંગ ભરવી ને તેની અંદર સુધારાને લગતાં કેટલાક ભાશણો કરવાને સુધારો તેમજ વીધાને ઊત્તેજન આપવું તથા જે ભાશણ થાય તે પછીથી પ્રગટ કરવું.

સાહેબો. ત્રીજી ખાશ ભલામણ એ છે જે આ ભાશણ છપાવી પ્રગટ કરવું ને એમાંની એક પ્રત સ૦ રા૦ રાજેશ્રી ભીમભાઇ ગોવંદજી વરીઆવકર તરફ તથા બીજી રૂદરજી વકીલ અપ્રામાકર તરફ મોકલવી.

સ૦ રા૦ રા૦ રાજેશ્રી ભીમભાઇ ગોવંદજી વરીઆવકરને હું નમ્રતા પૂર્વક ખાશ ભલામણ કરૂ છું કે આપના તરફથી આવી રીતે કાંઈ પણ ભાશણ પ્રગટ કરવામાં આવે તો મેહેરબાની કરી હમારા પ્રેશીડેન્ટ તરફ મોકલવા મેહેરબાની કરશી. એજ વીનંતી. તા૦ ૨૬–૭–૮૮.

મી૦ રણછોડલાલ મણીલાલ દેલાડવાકર.

ભાશણ કર્તા.

સુરત "વિકટોરિયા" પ્રેસ.